impact
www.impactmeasurement.co.in

The Economic Times (Gujarati)

Mumbai - Mar 15, 2019

Page No: 10
Page Name: n.a.
Size: 149 sq. cm
AVE: INR 24,603

Type: Newspaper
Language: Gujarati
Circulation: 0
Frequency: Daily

News monitored for: Lemon Tree Hotels
Title: Lemon Tree Keys deal is economically lucrative: Lemon Tree Hotels Chairman Patu Keswani

# લેમન ટ્રી હોટેલ્સે $7 કરોડમાં કીઝ હોટેલ્સને ખરીદવાના કરાર કર્યા

**અનુમેહા ચતુર્વેદી**
**નવી દિલ્હી**

મિડ-માર્કેટ ચેઈન લેમન ટ્રી હોટેલ્સે અંદાજે ૭ કરોડ ડોલરમાં બર્ગરિન હોટેલ્સની ખોટ ખાતી બ્રાન્ડ કીઝ હોટેલ્સને ખરીદવા માટે નોન-બાઈન્ડિંગ ટર્મ શીટ પર હસ્તાક્ષર કર્યા છે. આ સમાચારને પગલે ગુરુવારે BSE પર લેમન ટ્રી હોટેલ્સના શેરમાં ૨.૫ ટકાનો ઉછાળો આવ્યો હતો, પરંતુ, દિવસના અંતે તેનો શેર માત્ર ૦.૩૬ ટકા વધીને ₹૮૩.૬૫એ બંધ રહ્યો હતો.

ઈકોનોમિક ટાઈમ્સે અગાઉ સમાચાર આપ્યા હતા કે, કીઝ હોટેલ્સને ખરીદવા માટે ઓયો જેવી અન્ય કંપનીઓએ રસ દર્શાવ્યો હતો. લેમન ટ્રી હોટેલ્સના ચેરમેન પતંજલિ કેસવાનીએ ઈકોનોમિક ટાઈમ્સને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું કે, "કીઝ હોટેલ્સને ખરીદવાનો સોદો આર્થિક રીતે આકર્ષક છે અને ભારતની હોટેલ ઈન્વેન્ટરીનો ૧.૫ ટકા હિસ્સો દર્શાવે છે, જેનાથી અમારી કંપનીનો વ્યાપ અને નેટવર્ક બંને વધશે." "આ ખૂબ જ 'સિનર્જિસ્ટિક' સોદો છે. કીઝ હોટેલ્સ ઘણાં શહેરોમાં હાજરી ધરાવે છે જ્યાં અમારી હાજરી નથી. આ સોદો ચાર સંદર્ભમાં સમજદારી દર્શાવે છે - ભારતની ઈન્વેન્ટરીનો ૧.૫ ટકા હિસ્સો મળશે, એટલે અમારો વ્યાપ અને નેટવર્ક વધશે. બીજું કે, અમારો કસ્ટમર બેઝ મોટા ભાગે રિપીટ હોય છે. સામાન્ય રીતે, જ્યારે અમે નવી હોટેલ ખરીદીએ છીએ ત્યારે



ત્રણ મહિનામાં આવતા ૧૫ ટકા મહેમાનો અમારા વફાદાર સભ્યો થકી આવે છે." એમ કેસવાનીએ ઉમેર્યું હતું. "ત્રીજું, આ સોદાથી જે નવાં શહેરોમાં અમે પ્રવેશ કરીશું ત્યાંના કોર્પોરેટ તથા વ્યક્તિગત ગ્રાહકો મેળવીને તેમને અન્ય શહેરોની અમારી હોટેલ્સ સાથે જોડી શકીશું. ચોથું, ખર્ચની બાબતમાં અમે ખૂબ અસરકારક છીએ અને આથી આ સોદા દ્વારા અમે ઘણી સારી સિનર્જી હાંસલ કરી શકીશું. વધારાનો ઘણો બધો ખર્ચ ઓછો થઈ જશે."

કીઝ હોટેલ્સ ૧૯ શહેરોમાં ૧,૯૧૧ રૂમ સાથે ૨૧ હોટેલ્સની માલિકી ધરાવે છે અને સંચાલન કરે છે. કીઝ હોટેલ્સ થોડાંક વર્ષોથી ખરીદદારની તલાશ કરી રહી હતી અને તેના ચોપડે લગભગ ₹૧૬૦ કરોડનું દેવું છે.


© The Economic Times (Gujarati)